ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૦/૨૨-૨૩/ 160 તારીખ : 11 JAN 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,

**શ્રી મગનભાઈ દેવશીભાઈ બલદાણીયા,**
**મું.દોલતી, તા.સાવરકુંડલા,**
**જી.અમરેલી.**

કેસ નં.૭૦/૨૨-૨૩

**મો.નં- ૯૯૨૫૬ ૬૦૮૮૫**

**વિષય : અમારા વિજ કનેકશનમાં જુના બાકી લેણાં આવવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૮/૧૧/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૩૦/૧૧/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૦/૨૨-૨૩/૩૯૭૭ તા.૧૪/૧૨/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૦/૨૨-૨૩/૩૯૯૭ તા.૧૬/૧૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૭/૧૨/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સાવરકુંડલા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વિજપડી.**

P.G.V.C.L. Bhavnagar. Redressal Forum

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૭૦/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી મગનભાઈ દેવશીભાઈ બલદાણીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૭/૧૨/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી મગનભાઈ દેવશીભાઈ બલદાણીયા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એચ.એચ.સોની, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સાવરકુંડલા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી મગનભાઈ દેવશીભાઈ બલદાણીયા, મું.દોલતી, તા.સાવરકુંડલા, જી.અમરેલીની અમારા વિજ કનેકશનમાં જુના બાકી લેણાં આવવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૦/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૦/૨૨–૨૩/૩૯૭૭ તા.૧૪/૧૨/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૭/૧૨/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી મગનભાઈ દેવશીભાઈ બલદાણીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.એચ.સોની, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સાવરકુંડલા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર શ્રી મગનભાઈ દેવશીભાઈ બલદાણીયા, સાવરકુંડલા તાલુકાના દોલતી ગામના રહેવાસી છે. જેઓ પીજીવીસીએલ નું રહેણાંક હેતુ માટેનું વિજ કનેકશન ગ્રાહક નં–૮૮૫૬૫૦૧૩૨૭૮ થી ધરાવે છે. જે વિજ કનેકશન નો કરારીત વિજભાર ૧ કિ.વો. છે.

૧.૨ અરજદારશ્રી મગનભાઈ દેવશીભાઈ બલદાણીયા તેમના વિજ કનેકશન નું વિજ બિલ રેગ્યુલર ભરપાઈ કરતા હોવા છતાં, પણ પેટા વિભાગીય કચેરી વિજપડી એ આ બિલની બાકી રકમ રૂા.૪૦,૦૦૦/– નું બિલ આપવામાં આવેલ છે.

૧.૩ જે બાબતે અરજદારશ્રી મગનભાઈ દેવશીભાઈ બલદાણીયા આ વધારે બિલ બાબતે સાવરકુંડલા કચેરી ખાતે સાચો અને સારો નિર્ણય બાબતે ગયેલ. પરંતુ, ઓફિસેથી પૈસા ભરવા પડશે, તેમ જાણવા મળેલ, મારૂં એક પણ બાકી બોલાતું ન હતું.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

૧.૪ આમ, અરજદારનું એક પણ બિલ બાકી ન હોય, તો પૈસા શા ના ભરવા એના માટે તેમના દ્વારા આ અરજી કરવામાં આવેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદાર શ્રી મગનભાઈ દેવશીભાઈ બલદાણીયા સાવરકુંડલા તાલુકાના દોલતી ગામના રહેવાસી છે. જેઓ તા.૨૭/૦૭/૨૦૧૮ થી પીજીવીસીએલ નું રહેણાંક હેતુ માટેનું વિજ કનેકશન ગ્રાહક નં–૮૮૫૬૫૦૧૩૨૭૮ થી ધરાવે છે. જે વિજ કનેકશન નો કરારીત વિજ ભાર ૧ કિ.વો. છે.

૨.૨ અરજદારશ્રી મગનભાઈ દેવશીભાઈ બલદાણીયાના રહેણાંક હેતુ ગ્રાહક નં–૮૮૫૬૫૦૧૩૨૭૮ નું વિજ મીટર તા.૨૧/૦૭/૨૦૨૨ ના રોજ મીટર ફાસ્ટ ની અરજીના આધારે બદલવામાં આવેલ. જે કામગીરી વખતે પીજીવીસીએલ દ્વારા ગ્રાહકનું કબુલાતનામું નં–૮૧૫૫૫ ભરવામાં આવેલ છે. જેમાં, જુના મીટરના છેલ્લા રીડીંગ ૮૨૭૧ દર્શાવવામાં આવેલ છે. જેમાં, અરજદારશ્રી મગનભાઈ દેવશીભાઈ તેમજ પીજીવીસએલ ના કર્મચારીની સહી છે. જેમાં,જુના મીટરની ચકાસણી માટે સાવરકુંડલા લેબમાં હાજર રહેવા માટે અનુક્રમે (૧) તા.૨૯/૦૭/૨૦૨૨ (૨) તા.૦૫/૦૮/૨૦૨૨ (૩) તા.૧૨/૦૮/૨૦૨૨ તારીખે સમય ૧૦.૦૦ કલાકે હાજર રહેવા ની જાણ કરેલ.

૨.૩ આમ, અરજદારશ્રી મગનભાઈ દેવશીભાઈ બલદાણીયા તા.૦૫/૦૮/૨૦૨૨ ના રોજ સાવરકુંડલા લેબમાં મીટર ચકાસણી માટે હાજર રહેલ અને અરજદારશ્રી ની હાજરીમાં મીટરની ચકાસણી કરવામાં આવેલ. જે સમયે સંયુકત ચકાસણી અહેવાલ નં–૧૩૧૪૨ ભરવામાં આવેલ. જે મુજબ લેબ ચકાસણી સમયે મીટરના છેલ્લા રીડીંગ ૮૨૭૧ આવેલ અને લેબ ચકાસણી સમયે મીટરનો એમ.આર.આઈ રીપોર્ટ માં કોઈ વિસંગતતા માલૂમ પડેલ નથી. આમ, લેબ ચકાસણી સમયે મીટરના સીલો કે મીટર સાથે અન્ય કોઈ ગેરરીતી માલૂમ પડેલ નથી.

૨.૪ આમ, અરજદારશ્રી ને લેબ ચકાસણી ના રીપોર્ટ મુજબ મીટરમાં નોંધાયેલ વપરાશ મુજબના છેલ્લા રીડીંગ ના યુનિટ મુજબ બિલ આપવામાં આવેલ છે. જે બિલ રૂા.૩૭,૩૯૪/૯૪ ની રકમ નું આપવામાં આવેલ. જે કંપની ના નિયમાનુસાર છે.

આમ, વિજપડી પેટા વિભાગીય કચેરી દ્વારા વાદીને આ બાબત જાણ કરવામાં આવેલ છે. આથી, પીજીવીસીએલ કંપની દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી પ્રવર્તમાન નિયમાનુસાર કરવામાં આવેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી મગનભાઈ દેવશીભાઈ બલદાણીયા,ગામ–દોલતી, તા.સાવરકુંડલા માં ઘર વપરાશનું વિજ કનેકશન ગ્રાહક નં–૮૮૫૬૫/૦૧૩૨૭/૮ થી ૧ કિ.વો. નું ધરાવે છે. જેમાં પ્રતિવાદી પીજીવીસીએલ ની કચેરી દ્વારા સપ્ટે–ઓકટો–૨૦૨૨ ના બિલમાં અચાનક રૂા.૩૬,૬૮૭/૮૩ કોઈપણ જાતની જાણ વગર બાકી કાઢવા સામે ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ તા.૨૭/૧૨/૨૦૨૨ ના રોજ રૂબરૂ સુનાવણીમાં વાદી તેમજ પ્રતિવાદી ના પ્રતિનિધિ ફોરમ સમક્ષ હાજર રહી પોત પોતાની રજૂઆતો કરેલ છે.

P.G.V.C.L. Bhavnagar. Redressal Forum

૩.૩ રજૂ થયેલ દસ્તાવેજો, અરજદારની બિલીંગ હિસ્ટ્રી, જોતાં ફોરમને જણાય છે કે, પ્રતિવાદીના મીટર રીડર દ્વારા વાદીના મીટરનું ખરેખર વપરાશનું બિલ બનાવવાના બદલે ઓછી વપરાશ (૨૦૦ યુનિટ) ના બિલો લાંબા સમય સુધી આપેલ છે. જયારે કે વાદીના વિજ કનેકશનનો લોડ, વપરાશ તથા નવા મીટર મુકયા પછીના વપરાશની હિસ્ટ્રી જોતાં, તે અંદાજે ૩૦૦ યુનિટ વપરાશનું પ્રતિબિલ બનવું જોઈતું હતું.

૩.૪ વાદીની તા.૨૧/૦૭/૨૦૨૨ ની રજૂઆત ને આધારે પ્રતિવાદીની કચેરી દ્વારા મીટર ફાસ્ટ ની અરજી ના આધારે મીટર બદલી તા.૦૫/૦૮/૨૦૨૨ ના રોજ વાદીની હાજરીમાં મીટર ખોલી સંયુકત ચકાસણી અહેવાલ બનાવેલ જે મુજબ વાદીના જુના રીડીંગ ૮૨૭૧ છે તથા મીટર અને એમઆરઆઈ રીપોર્ટ ઓકે જણાયેલ છે.

ઉપરોકત બાબતોને ધ્યાને લઈને પ્રતિવાદીની કચેરી દ્વારા વાદીને જુના મીટરના છેલ્લા રીડીંગ ૮૨૭૧ ના આધારે ગણતરી કરીને વાદીને રૂા. ૩૭,૩૯૪/૯૪ ની રકમનું બિલ બનાવવામાં આવેલ છે જે નીયમોનુસાર તેમજ વપરાશના યુનિટનું હોઈ, વાદીએ ભરવાપાત્ર છે.

૩.૫ આ તબકકે ફોરમને જણાય છે કે, પ્રતિવાદી ના મીટરરીડર ની ભૂલને કારણે વાદીને મોટી રકમનું બિલ એકી સાથે આપવામાં આવેલ હોઈ, વાદીએ તે ભરવાની અસમર્થતા દર્શાવેલ છે.

૩.૬ ઉપરોક્ત વિગતો અનુસાર આથી હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા અગાઉ આપેલ રૂ. ૩૭,૩૯૪/૯૪ નું બીલ રદ કરી સમગ્ર સમયગાળા દરમિયાન સ્લેબવાઇજ ગણત્રી કરીને નવેસરથી વાદીને મોકલી આપવું. કોઈ વિલંબિત ચાર્જ લાગુ કરેલ હોઈ તો, બાદ કરી આપવો. તદ્ઉપરાંત આ ફેરફાર કરેલ વીજબીલ ની રકમના કુલ ચાર માસીક હપ્તા કરી આપવા.

૩.૭ પ્રતિવાદીના મીટર રીડરની બેદરકારીને લઈને અરજદારને અગવડતા પડેલ હોઈ, આથી, પ્રતિવાદીને સંબંધીત મીટર રીડર પર કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ અને ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| **(શ્રીમતી જે.એમ.મહેતા)**<br>**સ્વતંત્ર સભ્યશ્રી** | (ગેરહાજર)<br>**(એન.આઈ.ઉપાધ્યાય)**<br>**ટેકનીકલ સભ્યશ્રી** | **(એન.સી.મકવાણા)**<br>**અધ્યક્ષશ્રી,**<br>**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**<br>**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– **૨૭/૧૨/૨૦૨૨.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.